પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 28-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓના વધુ પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.
2) પ્રધાનમંત્રી આવતીકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુરમાં 102 કરોડ રૂપિયાના ખર્ચે પ્રવાસી સુવિધાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું.
4) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ છોટાઉદેપુર જિલ્લાના સર્વાંગી વિકાસની સમીક્ષા કરી.
5) વિશ્વભરની ફિલ્મો અને ફિલ્મ નિર્માતાઓને એક મંચ પર લાવનાર 57મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 2026નું આજે સમાપન.
6) રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ- 2026-27માં મહીસાગરની ટીમ પશ્ચિમ ઝોનમાં બીજા સ્થાને વિજેતા.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

EVE PM- DELIMITATION BILL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે વધુ રાજકીય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાના પોતાના વચનને પૂર્ણ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સંસદના આગામી વિશેષ સત્ર પહેલા સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશમાં, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે મહિલા અનામતને લઈ સરકારને દેશની નારી શક્તિનું સમર્થન છે.

(BYTE : NARENDRA MODI, PM)

देश की 100% नारी शक्ति का आशीर्वाद हमारे साथ। मैं देश की हर नारी को विश्वास दिलाता हूं, हम महिला आरक्षण के रास्ते में आने वाले हर रुकावट को हटा करके रहेंगे। हमारा हौसला भी बुलंद है, हमारी हिम्मत भी अटूट है और हमारा इरादा भी अडिग है।

PM- MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 140મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેનું જીવંત પ્રસારણ આકાશવાણી ન્યૂઝ, દૂરદર્શન ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આ કાર્યક્રમનું આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

CM SHIVRAJPUR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુરમાં 102 કરોડ રૂપિયાના ખર્ચે પ્રવાસી સુવિધાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું. જેમાં સાઈકલ ટ્રેક, સ્નોર્કલિંગ પ્લાઝા, પ્રોમોનેડ જેવા આકર્ષણો તથા માળખાકીય સુવિધા શરૂ કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ..

(VOICE CAST : MAYUR SOLANKI)

(પ્રથમ તબક્કા હેઠળની સુવિધાઓમાં પ્રવાસીઓ માટે આગમન ચોક, દરિયામાં તરવા-જોવા માટેનો ચોક, સાયકલ માર્ગ, દરિયાકિનારે ચાલવાનો રસ્તો, સામાન મૂકવાના કબાટ ખંડ, માહિતીદર્શક પાટિયાં, પીવાના પાણીની સુવિધા, વાહન પાર્કિંગ, શૌચાલય, ચેન્જિંગ રૂમ, ભૂગર્ભ પાણીની ટાંકી અને દૂષિત પાણીના શુદ્ધિકરણની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જ્યારે બીજા તબક્કાની સુવિધાઓમાં અંદાજે 78 કરોડના ખર્ચે ઇવેંટ ગ્રાઉન્ડ, એમ્ફીથીયેટર, કિલ્લાનું સમારકામ, લાકડાનો માર્ગ, જીવનરક્ષક ટાવર, વિવિધ બેઠક મંચ, બીચ લાઇટિંગ, દુકાનો, ભોજનાલય, બાગાયતી કામ અને ચિલ્ડ્રન પ્લે એરિયાનો વિકાસ કરાયો છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

SANGHVI CHHOTAUDEPUR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે છોટાઉદેપુર જિલ્લાના સર્વાંગી વિકાસની સમીક્ષા કરી. કવાંટ તાલુકાના કડીપાણી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં તેમણે છેવાડાના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ અને માળખાકીય સુવિધાઓ અંગે તાગ મેળવ્યો. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(VOICE CAST : RAJESH RATHVA)

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સવારે હાપેશ્વર મંદિર ખાતે પૂજા અર્ચના કરી હતી, ત્યારબાદ નર્મદા નદીના જળમાં ડૂબેલા પૌરાણિક શિવ મંદિરની નાવમાં બેસી પ્રદક્ષિણા કરી હતી. તેમને આપેશ્વર ઇકો ટુરિઝમ સાઇટની મુલાકાત દરમિયાન સ્થાનિક આદિવાસી યુવાનો સાથે સંવાદ કર્યો હતો. કવાંટ સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી જન સુનાવણીમાં ૧૭૦ જેટલા અરજદારોની રજૂઆત પણ સાંભળી હતી. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીએ કવાંટ હીરા ઉદ્યોગની મુલાકાત લઈ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો સાથે સંવાદ કર્યો હતો. જ્યારે સાંજે ગાયત્રી મંદિર નજીક યુવાનો સાથે વોલીબોલ રમી રમત ગમતમાં પણ સહભાગી થયા હતા. રાજેશ રાઠવા, આકાશવાણી સમાચાર, છોટા ઉદેપુર.

FIT INDIA

ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત 'સન્ડેઝ ઓન સાયકલ'ની ઐતિહાસિક 100મી આવૃત્તિ આવતીકાલે યોજાશે. રાષ્ટ્રીય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રના પુણે ખાતે યોજાશે. તો અમદાવાદના કાંકરિયા ખાતે રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ સાથે વડોદરા, સુરત અને ભાવનગરમાં પણ કાર્યક્રમો યોજાશે.

KANU DESAI - DANG

રાજ્યના નાણાંમંત્રી કનુ દેસાઇએ આજે ડાંગ જિલ્લાના સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે બેઠક યોજીને આધુનિક ડિજિટલ માધ્યમોના ઉપયોગથી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને 'વિકસિત ભારત'ના સંકલ્પને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અનુરોધ કર્યો.

આ બેઠકમાં સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સે પણ પોતાના સૂચનો રજૂ કર્યા હતા અને સરકારની વિકાસલક્ષી કામગીરી તથા યોજનાઓને, વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે પોતાનો સક્રિય સહયોગ આપવાની ખાતરી આપી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

RIVABA JADEJA – SCHOOL VISIT

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ સુરત જિલ્લાના મહુવાની કુલવાડી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. મહુવા વિધાનસભા મતવિસ્તારના ત્રિદિવસીય પ્રવાસ કાર્યક્રમ દરમિયાન બાળકોને ચોકલેટનું વિતરણ કર્યું અને તેમણે બાળકોને પૌષ્ટિક અને ઘરનું બનાવેલું ભોજન લેવા પ્રેરિત કર્યા હતા.

SABARKANTHA VEKRIYA

સાબરકાંઠા જિલ્લાના પોશીના ખાતે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાએ વિકાસલક્ષી પ્રસ્તાવિત કામોના સ્થળની મુલાકાત લીધી. તેમણે લિંક રોડ અને બસ સ્ટેશનના નિર્માણ અંગે અધિકારી-પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી.

આ મુલાકાત દરમિયાન, શ્રી વેકરિયાએ લિંક રોડના સ્થળની મુલાકાત લઈ જમીન સંપાદન સહિતની જરૂરી પ્રક્રિયાઓ અંગે વિગતો મેળવી હતી.

151st BLOOD DONATION - VAISHALI PANDYA

151મું સ્વૈચ્છિક રક્તદાન કરીને વૈશાલી પંડ્યાએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. **150**થી વધુ વખત રક્તદાન કરનારની આ સિદ્ધિ હાંસલ કરનાર તેઓ ભારતના પ્રથમ મહિલા રક્તદાતા બન્યા છે.

વૈશાલી પંડ્યાએ આકાશવાણી સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે રક્તદાન કરવાની પ્રેરણા તેમને પિતા અને પતિ દ્વારા મળી.

(BYTE : VAISHALI PANDYA)

મારી આ પ્રેરણા છે એ મારા પપ્પા અને મારા હસબન્ડ છે અને મારા આઈડિયલ છે મુકેશ સર કે ઘણા વર્ષથી હું એમને ફોલો કરી રહી હતી ખાસ કરીને હું થેલેસેમિયાના બાળકો અને કેન્સર પેશન્ટ માટે જ ડોનેશન કરું છું જો દરેક મહિલા વર્ષમાં મિનિમમ બે વાર પણ બ્લડ ડોનેટ કરે તો એમની હેલ્થ ખૂબ જ સારી છે કારણ કે એવી ઘણી બધી માન્યતા હોય છે કે કમજોરી આવી જાય છે કોઈ પ્રોબ્લેમ થાય છે કશું જ થતું નથી તો હું મારો પર્સનલ એક્સપિરિયન્સથી પણ કહીશ અને સાયન્સથી પણ કહીશ કે પ્લીઝ ડોનેટ કરો કારણ કે આપણા એક ડોનેશનથી ત્રણ કરતાં વધારે બાળકોનું યા આપણે પેશન્ટનું જીવ બચાવી શકીએ છીએ.

આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાની બી. કે. શિવાની દીદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સૌને વધુ રક્તદાન કરવાની અપીલ કરતાં કહ્યું હતું કે, જો આપણે કોલેજમાં આપણી જીવનશૈલી વિશે જાગૃતિ અને કાઉન્સેલિંગમાં ફરીથી પ્રવેશ મેળવી શકીએ, તો તે યોગ્ય સમય હશે.

(BYTE : SHIVANI DIDI)

कि जनरली कॉलेज के बच्चे ब्लड टेस्ट नहीं कराते हैं, कि बचपन से सीखा था 35, 40 हो ऐज तब आप ब्लड टेस्ट करो तब तक वो सब ठीक ही चल रहा है। इसीलिए वो कितने साल पता ही नहीं चलेगा कि अगर कोई डेफिशिएंसी है वो पता ही नहीं चलता। तो वो सबसे राइट वर्ग है जिसमें स्टार्ट करना चाहिए क्योंकि वो वर्ग कभी-कभी आजकल हेल्दी खाना भी नहीं खा रहा, ज्यादा बाहर खा रहे हैं, कभी-कभी जंक फूड खा रहे हैं, एंड मोस्ट इम्पोर्टेन्ट क्या कर रहे हैं? जब घर पे हेल्दी खा भी रहे हैं, तो फोन और टीवी के साथ खा रहे हैं। तो एक कभी-कभी हम सही खाते नहीं हैं और कभी-कभी हम सही तरीके से खाते नहीं हैं

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા શાખાના રેડક્રોસના ચેરમેન અમિત દોશી અને ડૉ. વિશ્વાસ અમિન તેમજ અમદાવાદ રેડક્રોસના પૂર્વ ચેરમેન મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

CIVIL HOSPITAL- ORGAN DONATION

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક જ અઠવાડિયામાં ત્રીજું અને કુલ 264મું અંગદાન સંપન્ન થતાં, 3 જરૂરિયાતમંદ દર્દીઓને હવે નવજીવન મળશે. ગાંધીનગર નજીક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલા 32 વર્ષીય યુવાનનાં પત્નીએ અંગદાનનો નિર્ણય લીધો હતો, અને માત્ર 28 દિવસના પોતાના માસૂમ પુત્રને પિતાની અંતિમ હુંફ અપાવી, માનવતાને સર્વોપરી રાખી અંગદાનની સંમતિ આપી હતી. સિવિલ હોસ્પિટલના સેવાયજ્ઞ થકી અત્યાર સુધીમાં કુલ એક હજાર 143 અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે.

IFFI 26 - CLOSING CEREMONY

વિશ્વભરની ફિલ્મો અને ફિલ્મ નિર્માતાઓને એક મંચ પર લાવનાર 57મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ, IFFI 2026નું આજે સમાપન થશે. ગોવામાં નવ દિવસની સિનેમેટિક પ્રતિભા, પ્રેરણાદાયી વાર્તાઓ અને જીવંત સાંસ્કૃતિક આદાનપ્રદાન પછી, આ મહોત્સવ વધુ એક યાદગાર આવૃત્તિ સાથે પૂર્ણ થઈ રહ્યો છે.

આજે અંતિમ દિવસે, અનેક ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે જેમાં ધુરંધર: ધ રીવેન્જ, હેલ્થ સેન્ટર અને આઝાદ ભારતનો સમાવેશ થાય છે. સિંગાપોરના ફિલ્મ નિર્માતા એન્થોની ચેનની ફિલ્મ "વી આર ઓલ સ્ટ્રેન્જર્સ" સમાપન ફિલ્મ તરીકે દર્શાવવામાં આવશે.

NSDF 2026-27

રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ- 2026-27માં મહીસાગરની ટીમ પશ્ચિમ ઝોનમાં બીજા સ્થાને વિજેતા થઈ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આ વિજય સાથે જ હવે મહીસાગરની ટીમ આગામી 6 જાન્યુઆરીએ કોલકાતા ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તર્કશક્તિ અને સર્જનાત્મકતા કેળવવાના હેતુથી ‘રાજ્યકક્ષા વિજ્ઞાન નાટક મહોત્સવ 2026-27’નું આયોજન કરાયું હતુ.

MAHESANA –TRAIN

વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમુ ટ્રેનનો હવે વટવા સુધી વિસ્તાર કરાયો છે. આવતીકાલે 29 નવેમ્બરથી આ વિસ્તૃત ટ્રેન સેવા શરૂ થશે. જેનાથી મહેસાણા સહિત ઉત્તર ગુજરાતના રેલવે મુસાફરોને મોટી રાહત મળશે. મહેસાણાના સાંસદ હરિભાઈ રજૂઆતને પગલે, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મંજૂરી આપતા આ નિર્ણય કરાયો છે. આ નિર્ણયથી વરેઠા, ખેરાલુ, વિસનગર, વડનગર, મહેસાણા, કડી, કલોલ, ગાંધીનગર, ચાંદખેડા, સાબરમતી, અમદાવાદ અને મણિનગર સહિતના વિસ્તારોના મુસાફરોને હવે વટવા સુધી સીધી રેલવે કનેક્ટિવિટીનો લાભ મળશે.